## અંજાર નગરપાલિકા

### ઓફલાઈન ટેન્ડર નોટિસ

### રખડતા ભટકતા ઢોરોને પકડવાનું કામ

આથી લાગતાવળગતા ઈજારેદારને આ ટેન્ડરેદ્વ નોટિસ દ્વારા જણાવવામાં આવે છે કે, અંજાર નગરપાલિકાની કચેરી મારફતે નીચે મુજબની વિગતેની કામગીરી કરવાની હોઈ તેમના ભાવો લેટરહેડ પર સીલબંધ કવરમાં તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીમાં સાંજના ૦૫:૦૦ કલાક સુધી મળે એ રીતે ચીફ ઓફીસર, અંજાર નગરપાલિકાને પોસ્ટ/કુરીયર/રૂબરૂથી મોકલી આપવાના રહેશે.

| ક્રમ | કામની વિગત | ડિપોઝિટની રકમ |
|---|---|---|
| ૧ | અંજાર નગરપાલિકા વિસ્તારમાં રખડતા ભટકતા ઢોરોને પકડીને સુચનાનુસાર નિયત સ્થળે પહોંચાડવાનું કામના પ્રતિ ઢોરદીઠ ભાવ આપવા બાબત. | ૫૦૦૦ |

નં. ૨૭૩૩, મ્યુનિશિપલ ઓફિસ, જાહેર આરોગ્ય શાખા, અંજાર-કચ્છ.
તા. ૦૫/૧૧/૨૦૨૬ (નામાનિ/કચ્છ/૧૦૮૨/૨૦૨૬-૨૭)
ચીફ ઓફિસર
અંજાર નગરપાલિકા

## ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ

GETCO

બાંધકામ વિભાગ, અંજાર. (કચ્છ) ૩૭૦૧૧૦

### જાહેર ચેતવણી

આથી માનવંતા વીજ ગ્રાહકો તેમજ જાહેર જનતા ને જણાવવાનું કે, હયાત ૪૦૦ કે.વી. વરસાણા સબ સ્ટેશનથી હયાત ૪૦૦ કે.વી. ભાચુંડા સબ સ્ટેશન સુધીની બેવડી વીજરેખા લાઈનમાં૪૦૦ કે.વી. ભાચુંડા સબ સ્ટેશનથી ટાવર નં. ૯/૦થી ૧૪/૦ સુધી પ્રસ્થાપિત કરવાની કામગીરી અંદાજિત સર્કિટ લંબાઈ : ૨×૬ કિ.મી., જિ. કચ્છ, અબડાસા તાલુકાના ભાચુંડા, બિટિયારી, રવા, મોથાળા અને નરેડી ગામોના સીમ તથા આજુબાજુનો વિસ્તાર કે જે ૪૦૦ કે.વી.ના વીજ દબાણથી તા. ૦૭.૧૧.૨૦૨૬ કે ત્યાર પછી ગમે ત્યારે કાયમી ધોરણે વીજ પ્રવાહ વહેતો કરવામાં આવશે. તેથી આ તમામ લાઈનના સ્ટ્રકચર સાથે ઢોર-ઢાંખર બાંધવા નહીં. સ્ટ્રકચર પર ચડવું નહીં તેમજ લાઈન નીચે કાયું કે પાકું મકાન બાંધવું નહીં. તથા લાઈન નીચે આજુબાજુ વીજ વિક્ષેપ કરે તેવા વૃક્ષો વાવવા નહીં.આ સુચનાનો અનાદર થયે જાનમાલની નુકશાની થવાનો પુરો સંભવ છે. તો આવી કોઈ જાનહાની માટે 'ગેટકો' જવાબદાર રહેશે નહીં. તે બાબતની નોંધ લેવા વિનંતી.

'વીજળી બચાવો સ્વ તથા રાષ્ટ્રના હિતાર્થે'

કાર્યપાલક ઈજનેર (બાંધકામ),
ગેટકો, અંજાર

## બેંક ઓફ ઇંડિયા BOI

હૉસ્પિટલ રોડ, ભુજ, કચ્છ.

### [જુઓ નીયમ ૮(૧)]કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

જ્યારે સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અન્વયે બેંક ઓફ ઈન્ડીયા, નાં ઓથોરાઈઝડ ઓફિસરે કલમ ૧૩(૧૨) ની સાથે વંચાતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાની રૂએ, તા. ૨૯.૦૮.૨૦૨૬ ના રોજ માંગણા નોટીસ મોકલી શ્રી ઈરફાનભાઈ અબ્દુલભાઈ મીસ્ત્રી (કરજદાર અને ગીરોદાર), શ્રી પરેશ કાંતીલાલ માણેક (જામીનદાર) અને શ્રીમતી અંજલી પરેશભાઈ માણેક (જામીનદાર) ને નોટીસમાં જણાવેલ ટર્મલોન ની બાકી રકમ રૂપિયા ૪૦,૪૫,૩૮૭.૦૦ (અંકે રૂા. ચાલીસ લાખ પીસ્તાલીસ હજાર ત્રણસો સીત્યાશી) સાથે તેના પરનું આગળનું વ્યાજ સદરહુ નોટીસની તારીખથી/નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ચુકવી આપવા જણાવ્યુ હતું.

કરજદારો/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોઈ, આથી કરજદાર અને આમજનતાને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર જણાવેલ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સાથે જણાવેલ નિયમો વાંચતા સીક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તે/તેણીને મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ મિલકતનો તા. ૦૫.૧૧.૨૦૨૬ ના રોજ કબજો લઈ લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર/જામીનદાર અને જાહેર જનતાને નીચે જણાવેલ મિલકત અંગે કોઈપણ વ્યવહાર નહી કરવા ચેતવણી આપવામાં આવે છે અને આ મિલકત અંગેના કોઈપણ વ્યવહાર બેંક ઓફ ઈન્ડિયા, ના બાકી નીકળતા રકમ રૂપિયા ૪૦,૪૫,૩૮૭.૦૦ (અંકે રૂા. ચાલીસ લાખ પીસ્તાલીસ હજાર ત્રણસો સીત્યાશી) સાથે નોટીસમાં જણાવેલ તેનાપરનું આગળનું વ્યાજ અને સંપૂર્ણ ચૂકવણી/વસૂલાત ન થાય ત્યાં સુધીની બાકી રકમનાં આકસ્મીક ખર્ચાઓ, કોસ્ટ, લાગેલ ચાર્જીસ/લાગુ પડી શકે તેવા ને આધીન રહેશે.

દેવાદારોનું ધ્યાન સુરક્ષીત મિલકતોને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ આમંત્રીત કરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

સ્થાઈ મિલકતનો તમામ ભાગ અને હીસ્સો, પ્લોટ નં. ૩૪, અજય નગર, રેવન્યુ સર્વે નં. ૩૮૯/૩ અને ૩૯૦ પૈકી, સીટી સર્વે વોર્ડ નં. ૩, સીટી સર્વે નં. ૩૧૨૨/૪/૩૪, ભુજ, જીલ્લો કચ્છ. ક્ષેત્રફળ ૨૦૨.૫૦ ચો.મી. માલિકી: શ્રી ઈરફાનભાઈ અબ્દુલભાઈ મીસ્ત્રી, ચતુર્સીમા: ઉત્તર: પ્લોટ નં. ૩૩, દક્ષિણ: પ્લોટ નં. ૩૫, પૂર્વ: ૭.૫૦ મીટર આંતરિક રોડ, પશ્ચિમ: આર.એસ. નં. ૩૯૦ પૈકી.

તા.: ૦૫.૧૧.૨૦૨૬,સ્થળ: ભુજ — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઇન્ડીયા

## ભચાઉ નગરપાલિકા - ભચાઉ, જિ. ભચાઉ

### જાહેર નોટિસ

**વિષય; સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ અન્વયે ભચાઉ શહેરી વિસ્તાર માટેના બાયલોઝ અંગે વાંધા-સૂચનો મંગાવવા બાબત.**

આથી નગરપાલિકાના સમગ્ર શહેરી વિસ્તારના નાગરિકો, વેપારીઓ, દુકાનદારો, રહેણાંક સોસાયટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, BWG, ઔદ્યોગિક એકમો, વાણિજ્યિક સંસ્થાઓ તથા અન્ય તમામ સંબંધિત હિતધારકોને જાહેર જનતા માટે જણાવવામાં આવે છે કે, ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ની જોગવાઈઓને અનુરૂપ ભચાઉ શહેરી વિસ્તારમાં ઘન કચરાના વૈજ્ઞાનિક અને પર્યાવરણલક્ષી વ્યવસ્થાપન માટે બાયલોઝની અમલવારી કરવા અત્રેની નગરપાલિકાની ખાસ સામાન્ય સભાના ઠરાવ નંબર:-૧ તારીખ:૦૬/૧૧/૨૦૨૬થી ઠરાવ પસાર કરવામાં આવેલ છે અને તે બાયલોઝની નકલ ભચાઉના નગરપાલિકાના નોટીસ બોર્ડ પર ઉપલબ્ધ છે.

ઉક્ત બાયલોઝની અમલવારી કરવા અંગે ભચાઉ શહેરી વિસ્તારના નાગરિકો તથા તમામ સંબંધિત હિતધારક પાસેથી બાયલોઝ અંગેના વાંધા-સૂચનો મંગાવવામાં આવે છે.

જે કોઈ વ્યક્તિ, સંસ્થા કે હિતધારકને પ્રસ્તાવિત બાયલોઝ અંગે કોઈ વાંધો કે સૂચન રજૂ કરવાનું હોય, તેઓએ પોતાના વાંધા-સૂચનો સ્પષ્ટ કારણો અને જરૂરી આધાર-પુરાવા સાથે આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર, લેખિતમાં ચીફ ઓફિસરશ્રી, ભચાઉ નગરપાલિકા,ભચાઉ જી.કચ્છ ની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન અથવા ટપાલ મારફતે રજૂ કરવાના રહેશે.

નિર્ધારિત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થતા વાંધા-સૂચનો અંગે વિચારણા કરવામાં આવશે કે નહીં તે સક્ષમ સત્તાધિકારીના નિર્ણયને આધીન રહેશે. સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલા વાંધા-સૂચનોની લાગુ પડતી જોગવાઈઓ તથા નિયમો અનુસાર ચકાસણી કરી, યોગ્ય જણાય તેવા વાંધા-સૂચનોને ધ્યાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચીફ ઓફિસરશ્રી, ભચાઉ નગરપાલિકા — પ્રમુખશ્રી, ભચાઉ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૧૦૮૮/૨૦૨૬-૨૭)

# માંડવીમાં સરાજાહેર પ્રેમિકાની હત્યાથી ચકચાર

■ ભરબજારમાં પ્રેમીએ છરીના ઉપરાછાપરી ઘા માર્યા : કૃત્ય બાદ આરોપી પોલીસ સમક્ષ હાજર થયો : તપાસ શરૂ

માંડવી, તા. ૬ : શહેરના હાર્દસમા પ્રો. કે. ટી. શાહ રોડ પર ધનતેરસના સપરમા દિવસે સાંજના અરસામાં ખરીદી કરવા ગયેલા પાર્વતીબેન રામજી પાંજરીવાલા (ઉ.વ. ૪૩) (રહે. સલાયા) પર આરોપી મેરાઉના જયંતીલાલ ગુણવંતરાય રાજગોરે છરીના ઉપરાછાપરી ઘા મારી હત્યા નીપજાવતાં ચકચાર ફેલાઈ હતી. કૃત્ય આચર્યા બાદ આરોપી પોલીસ સમક્ષ હાજર થયો હતો અને ગુનો કબૂલ્યો હતો.

આ મામલે પીઆઈ શ્રી બારોટે વિગતો આપતાં જણાવ્યું હતું કે, હતભાગી મહિલા અને આરોપી પ્રેમમાં હતા અને મંદિરમાં જઈ લગ્ન કર્યા હોવાનું આરોપીએ કેફિયત આપતા જણાવ્યું હતું. બંને સાથે ન રહેતા હોવાથી આરોપીએ તે વાતનું મનદુઃખ રાખી હત્યા નીપજાવી હોવાનું કહ્યું હતું તેમ તપાસકર્તા અધિકારીએ જણાવ્યું હતું.

બનાવ અંગે પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, શુક્રવારે સાંજના અરસામા કે.ટી. શાહ રોડ પર સખીઓ સાથે ખરીદી કરવા ગયેલા પાર્વતીબેનને આરોપી જયંતીલાલે પેટ, સાથળ અને શરીરના અન્ય ભાગો પર છરી વડે ઉપરાછાપરી ઘા મારી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા અને નાસી છૂટ્યો હતો.

હુમલાની આ ઘટના બાદ તેમને સારવાર માટે હાથલારી પર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બાવીશ વર્ષ અગાઉ મૃતક પાર્વતીબેનના લગ્ન થયા હતા અને યુવા વયનો દીકરો છે. બે વર્ષ પહેલા માંદગીના કારણે પતિનું અવસાન થયા બાદ તેઓ સલાયા ખાતે રહેતા હતા.

બીજી તરફ વિવાહિત એવા આરોપી જયંતીલાલ મેરાઉ-ગોધરા રોડ પર દુકાન ધરાવે છે. આરોપી છેલ્લા ૪-૫ મહિનાથી હતભાગી પાર્વતીબેનના પ્રેમમાં હતો અને બંનેએ લગ્ન કરી લીધા હતા. બે-ત્રણ માસ પહેલાં શહેરની બહારના ભાગે આવેલી સોસાયટીમાં ફ્લેટ પણ ખરીદ્યો હોવાની વિગતો પણ સાંપડી હતી.

બનાવના પગલે જાણ થતાં શહેરના આગેવાનો દેવાંગભાઈ દવે, લાંતિકભાઈ શાહ, હરેશભાઈ વિંઝોડા, દર્શનગિરિ ગોસ્વામી, નરેનભાઈ સોની, વિજયભાઈ ચૌહાણ, પારસભાઈ માલમ, જયશ્રીબેન મૂછડિયા, જિગરભાઈ ધાયાણી સહિતના લોકો મોટી સંખ્યામાં હોસ્પિટલ દોડી ગયા હતા.









માંડવીમાં પ્રેમી દ્વારા કૃત્યને અંજામ અપાયો તે સ્થળ, બાજુમાં હાથલારી પર મહિલાને સારવાર માટે ખસેડાઈ ત્યારની તસવીર, જ્યારે ઈન્સેટમાં મૃતક મહિલા અને બાજુમાં આરોપી. (તસવીર : જયેશ શાહ)

સરાજાહેર બનેલી આ હિચકારી ઘટના સમયે જાણે કશું બન્યું જ ન હોય આરોપીને કોઈએ અટકાવવાના પ્રયાસ પણ ન કર્યા હોવાનો બળાપો સલાયા ખારવા સમાજના પ્રમુખ વિશ્રામભાઈ ઠાકરશી ચૂડાસમા તથા અન્ય આગેવાનોએ જણાવ્યું હતું. તે સાથે બહેન-દીકરીઓની સલામતી અંગે પણ પોલીસે કડકમાં કડક પગલાં ભરવા જોઈએ તેમ જણાવ્યું હતું.

આ બનાવને ખારવા સમાજ તેમજ અન્ય શહેરીજનોએ વખોડ્યો હતો અને માંડવીમાં ગુનાખોરીનું પ્રમાણ વધી ગયું હોવાથી પોલીસ પકડ મજબૂત બનાવે તેવી માંગ કરી હતી.

ચકચાર ફેલાવનારી હત્યાની આ ઘટનાથી આ અગાઉ પણ ગોધરામાં થયેલી યુવતીની હત્યાના બનાવનો મુદ્દો પણ સપાટી પર આવ્યો હતો.

આ મામલામાં માંડવી પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અંજારમાં અગમ્ય કારણોસર યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીધામ, તા. ૬ : અંજારમાં કોઈ અગમ્ય કારણોસર ખીમજીભાઈ હરજીભાઈ મહેશ્વરી (ઉ.વ.૪૮)એ ગળેફાંસો ખાઈને જિંદગીનો અંત આણ્યો હતો.

પોલીસ સૂત્રોએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરના ભાલેનાથનગર સોસાયટીમાં રહેતા ખીમજીભાઈ નામના યુવાને કોઈ કારણોસર ગત તા.૨૯/૧૦ના બપોરે ૨થી ૪ વાગ્યાના અરસામાં ગળેફાંસો ખાધો હતો. તેમને સારવાર માટે લવાતાં અંજાર સરકારી હોસ્પિટલના ડો. નેહા બલવાએ મૃત જાહેર કર્યા હતા. આ બનાવ પાછળનું કારણ જાણવા માટે પોલીસે અકસ્માત નોંધના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### રાજગોર વિઠ્ઠા પાંખડી જોગ

શ્રી રાજગોર વિઠ્ઠા પાંખડીના કુળદેવીના નૈવેદ્ય તા.૦૭/૧૧/૨૬ ને શનિવારના રોજ માતાજીના મઢમાં, મઢી કલીયા, ભુજ મધ્યે યોજેલ છે. તો આ પ્રસંગે સર્વે વિઠ્ઠા પાંખડીના કુટુંબ બીજનોને નિયાણીઓ સહિત પ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

## પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન

**શંટીંગ નેક સાથે મુખ્ય લાઈનને જોડવા કોસઓવરની જોગવાઈના સંબંધમાં વિવિધ સિગ્નલિંગ કામ**

ટેન્ડર નં. ડીઆરએમ-એસએન્ડટી-એડીઆઈ-સિગ ૧૩, ૨૬-૨૭ આમંત્રિત કરતી સૂચના

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત ડીઆરએમ/એસ એન્ડ ટી ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડરો તેમની મૂળ/સુધારેલ બિડ ફક્ત બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં નહીં આવે, અને કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે. **કામનું નામ:** અમદાવાદ ડિવિઝનમાં લિંક આર્મ લાઈન નં. ૧ અને ૨ થી અને સુધીની અવરજવરને સુવિધાજનક બનાવવા પ્રસ્તાવિત GCT ની શંટીંગ નેક સાથે મુખ્ય લાઈનને જોડવા એક કોસઓવરની જોગવાઈના સંબંધમાં સિગ્નલિંગ સામગ્રીની આંશિક આપૂર્તિ, સિગ્નલિંગ કામોનું સંસ્થાપન, પરીક્ષણ અને કમીશનીંગ કરવાનું કામ. **કામની અંદાજીત પડતર:** ₹ ૧,૫૪,૮૮,૨૬૪.૫૨/- (એક કરોડ ચોપ્પન લાખ ઈઠ્યાંસી હજાર બસો ચોરાણું રૂપિયા અને બાવન પૈસા પુરા) **અર્નેસ્ટ મની ડિપોઝીટ:** ₹ ૩,૦૮,૮૦૦/- (ત્રણ લાખ નવ હજાર આઠ સો રૂપિયા પુરા) **ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.૦૩-૧૨-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં અને તા.૦૩-૧૨-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઈ-ટેન્ડરીંગની વેબસાઈટ:** www.ireps.gov.in ADI-206

આપને ગમશે પણ: facebook.com/WesternRly

## ટેન્ડર નોટિસ

જીએમડીસી લખપત પુનરાજપુર લિગ્નાઇટ પ્રોજેક્ટ, ટેન્ડર નંબર GMDC/LPLP/CIV/05/2026-27 - અન્વયે 'વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર લખપત-પુનરાજપુર લિગ્નાઇટ પ્રોજેક્ટ, જીએમડીસી લિમિટેડ ખાતે આવેલ VTC ટ્રેનિંગ ગેલેરીમાં ફિક્સ્ડ કોલ સીલિંગ, પાર્ટિશન વોલ, ઇલેક્ટ્રિકલ ફિટિંગ્સ તથા આનુષંગિક કામો પૂરાં પાડવા અને ફિટિંગ કરવાનું કામ' માટે પ્રતિષ્ઠિત અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી સીલબંધ આઇટમ ટેન્ડર રેટ આમંત્રિત કરે છે.

ટેન્ડર વિતરણની શરૂઆત : ૦૭.૧૧.૨૦૨૬ સવારે ૧૦.૦૦ વાગ્યે
બીડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: ૧૮.૧૧.૨૦૨૬ સાંજે ૧૬.૦૦ સુધી
ટેન્ડર ફી રૂા. ૭૦૮.૦૦/- (જીએસટી સહિત)
EMD ફી રૂા. :-૩૦૦૦/-
નોંધ: ટેન્ડર દસ્તાવેજ સિવિલ વિભાગ, જીએમડીસી લખપત-પુનરાજપુર લિગ્નાઇટ પ્રોજેક્ટ એડમિન ઓફિસ ખાતે મળશે.
પૂછપરછ માટે સંપર્ક કરો: શ્રી પ્રવીણકુમાર, સિવિલ વિભાગ, મોબાઇલ નંબર: ૮૨૧૦૧૧૮૧૩૮

GMDC — Gujarat Mineral Development Corporation Ltd.

જનરલ મેનેજર (પ્રોજેક્ટ), લખપત-પુનરાજપુર લિગ્નાઇટ પ્રોજેક્ટ, લખપત, પોસ્ટ : ધડુલી, તા: લખપત, જિલ્લો : કચ્છ, ગુજરાત - ૩૭૦૬૨૭.

## ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, ભુજ

GETCO — GETCO

### સમય ફેરફારની જાહેરાત

આથી અમારા માનવંતા વિજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે મુજબ સબ સ્ટેશનમાં વીજ પુરવઠો તા. ૦૭-૧૧-૨૦૨૬થી ૨૨-૧૧-૨૦૨૬ સુધી સમય ૦૫.૦૦થી ૧૩.૦૦ અને ૧૩.૦૦થી ૨૧.૦૦ દરમ્યાન આપશે. આ બાબતની જાહેરાત તા. ૦૬-૧૧-૨૦૨૬ના રોજ કચ્છમિત્ર દૈનિક સમાચાર પત્રકમાં આપવામાં આવેલ હતી. પરંતુ શક્ય હશે ત્યાં સુધી આ બધા સબ સ્ટેશનમાં રેગ્યુલર સમય મુજબ પુરવઠો આપવામાં આવશે. કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થશે તો જ ખેતીવાડીના સમયમાં ફેરફાર કરવામાં આવશે, જેની સર્વે ગ્રાહકોએ નોંધ લેવી.

૬૬ કે.વી. ભુજ બી, ૬૬ કે.વી. કોટડા ચકાર,
૬૬ કે.વી. ચપરેડી, ૬૬ કે.વી. પદ્ધર સબસ્ટેશન

ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર (પ્રવહન)
એસેટ મેનેજમેન્ટ વિભાગ કચેરી, ભુજ (જેટકો)

## ઓનલાઈન જાહેર નિવિદા

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, રાપર હસ્તક ચાલતી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત રાપર તાલુકાના ભૂટકીયા, પલાસવા, ઉમૈયા ગામે ગ્રે વોટર ટ્રીટમેન્ટ સ્ટ્રકચર (ABR)ના બાંધકામના કામ માટે ગુજરાત રાજ્યમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે. જે કામની વિગતો તા. ૦૪/૧૧/૨૦૨૬ પછીથી ઓનલાઈન ટેન્ડર વેબસાઈટ HTTPS://TENDER.NPROCURE.COM મારફતે મંગાવવામાં આવેલ છે. જેની વિગત ઓનલાઈન મુકેલ છે.

| ક્રમ | ટેન્ડર આઈ ડી | ઓનલાઈન ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ | ઓનલાઈન ટેન્ડર ખોલવાની છેલ્લી તારીખ (શક્ય હશે તો) |
|---|---|---|---|---|---|
| 1 | 362762 | 25/11/2026 | 25/11/2026 | 02/12/2026 | 04/12/2026 |
| 2 | 362744 | 25/11/2026 | 25/11/2026 | 02/12/2026 | 04/12/2026 |
| 3 | 362721 | 25/11/2026 | 25/11/2026 | 02/12/2026 | 04/12/2026 |

નોંધ :- ટેન્ડર ફી, ઈ.એમ.ડી વગેરે અસલ ડોક્યુમેન્ટ સ્કેન કરી ઓનલાઈન અપલોડ કરવાના તેમજ આનુસાંગિક તમામ ડોક્યુમેન્ટ સ્પીડ પોસ્ટ /આર.પી.એ.ડી. થી ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની છેલ્લી તારીખ સુધીમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી, સ્વચ્છ ભારત મિશન(ગ્રા) શાખા, તાલુકા પંચાયત કચેરી, રાપર-કચ્છને મળી જવા જોઈએ.

સ્થળ:- તાલુકા પંચાયત કચેરી રાપર, ડાભુંડા રોડ, રાપર-કચ્છ, ૩૭૦૧૬૫.
ઈ-મેલ : tdo.rapar@gmail.com
ફો. : ૦૨૮૩૦-૨૨૦૦૦૩, તારીખ : ૦૫/૧૧/૨૦૨૬ — (નામાનિ/કચ્છ/૧૦૮૩/૨૦૨૬-૨૭)

## વેલસ્પન એન્ટરપ્રાઇસીઝ લિમિટેડ

Welspun ENTERPRISES

(CIN : L45201GJ1994PLC023920)

રજિ. કચેરી : વેલસ્પન સિટી, ગામ વર્પામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦,
ટેલિ : (+૯૧) ૨૮૩૬ ૬૬૨૨૨૨, ફેક્સ : (+૯૧) ૨૮૩૬ ૨૭૮૦૧૦.
કોર્પોરેટ કચેરી : વેલસ્પન હાઉસ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૩,
ટેલિ : (+૯૧) ૦૨૨ ૬૬૧૩ ૬૦૦૦, ફેક્સ : (+૯૧) ૦૨૨ ૨૪૯૦ ૮૦૨૦.
ઈમેઈલ : companysecretary_wel@welspun.com, વેબસાઈટ: www.welspunenterprises.com

### નોટિસ

આથી જાણ કરવામાં આવે છે કે, વેલસ્પન એન્ટરપ્રાઈસીઝ લિમિટેડ ('કંપની')ના શેરધારકો પાસેથી પોસ્ટલ બેલેટ (નોટિસ)માં દર્શાવેલી કામગીરી માટે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ('એમસીએ')ની કલમ-૧૦૮ અને ૧૧૦ તેમજ અન્ય જોગવાઈ તથા સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ/નિયમો, ૨૦૧૫ ('સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન')ની રૂએ ઠરાવની મંજૂરી ઈલેક્ટ્રોનિક મીન્સ ('રિમોટ ઈ-વોટીંગ') દ્વારા માગવામાં આવે છે.

જે શેરધારકોનાં નામ સભ્ય રજીસ્ટર/બેનીફીશિયલ ઓનર તરીકે ડિપોઝીટરી/રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ ('આરટીએ') ખાતે ૩૦ ઓકટોબર, ૨૦૨૬ ('કટ ઓફ તારીખ')ના રોજ નોંધાયેલ હોય તેઓને નોટિસ ધ્યાને લેવાપાત્ર રહેશે.

કંપની તરફથી જે સભ્યોનાં નામો કંપની/રજિસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ ('આરટીએ')/ડિપોઝીટરી પાર્ટીસિપન્ટસ ('ડીપી') ખાતે કટ-ઓફ તારીખ સુધીમાં નોંધાયેલ હોય તેઓને વિગતવાર અહેવાલ ઈલેક્ટ્રોનિક રાહે મોકલવાની કામગીરી પૂર્ણ થઈ છે.

સદરહુ નોટિસ કંપનીની વેબસાઈટ www.welspunenterprises.com તથા નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડ ('એનએસડીએલ') તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ www.bseindia.com અને www.nseindia.com ઉપર ઉપલબ્ધ છે.

રિમોટ ઈ-વોટીંગ શનિવાર, ૭ નવેમ્બર, ૨૦૨૬નાં સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે અને રવિવાર, ૬ ડિસેમ્બર, ૨૦૨૬નાં સાંજે ૫:૦૦ કલાકે બંધ થશે. ત્યારબાદ ઈ-વોટીંગ મોડ્યુલ બંધ રહેશે.

શેરધારકો પોતાના લોગીન પાસવર્ડ દ્વારા ઈ-વોટીંગ કરી શકશે. એકવાર ઈ-વોટીંગ કર્યા બાદ તેમાં કોઈ ફેરફાર કરી શકશે નહીં.

કંપની બોર્ડ દ્વારા શ્રી મિહેન હાલાણી, પ્રોપ્રાઈટર મે. મિહેન હાલાણી એન્ડ એસોસિએટ્સ, કંપની સેક્રેટરીને રિમોટ ઈ-વોટીંગ દ્વારા પોસ્ટલ બેલેટની સુચારુ પ્રકિયા માટે સ્કુટિનાઈઝર તરીકે નિમણૂક કરી છે.

પોસ્ટલ બેલેટનું પરિણામ મંગળવાર, ૮ ડિસેમ્બર, ૨૦૨૬નાં જાહેર કરવામાં આવશે અને કંપનીની વેબસાઈટ www.welspunenterprises.com તથા એનએસડીએલની વેબસાઈટ ઉપર પ્રકાશિત કરવામાં આવશે. જેની સ્ટોક એક્સચેન્જને જાણ કરવામાં આવશે.

લોગીન કે ઈ-વોટીંગ કરવા અંગે શેરધારકોને ટેકનિકલ રીતે કોઈપણ મુશ્કેલી જણાય તો ફિક્વન્ટલી આસ્ક ક્વેશ્ચન (એફક્યુક્યુ)ને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલ www.evoting@nsdl.com ઉપરાંત, એનએસડીએલ ઈમેઈલ: evoting@nsdl.com અથવા ૨૨-૪૮૮૬૭૦૦૦/૦૨૨-૨૨૯૬૭૦૦૦ નો સંપર્ક સાધી શકાશે.

જે ડીમેટ સ્વરૂપે શેરધારકોએ પોતાના કેવાયસીની વિગતો અપડેટ કરાવેલ ન હોય તેઓ ડીપીને નોંધાવી શકશે. પ્રત્યક્ષ સ્વરૂપે શેરધારકો જેણે કેવાયસી અપડેટ કરવા માટે ફોર્મ આઈએસઆર-૧માં આઈડી, બેંક ખાતાની વિગત સાથે કેવાયસી કંપનીનાં આરટીએને એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (ભૂતપૂર્વ લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, યુનિટ: વેલસ્પન એન્ટરપ્રાઈસીઝ લિમિટેડ સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૩ અથવા investor.helpdesk@in.mpms.mufg.com ઉપર અપડેટ કરાવી શકશે.

સદરહુ નોટિસ શેરધારકોના લાભાર્થે એનસીએ અને સેબીની લાગુ જોગવાઈઓની રૂએ પ્રકાશિત કરવામાં આવેલ છે તેથી તમામ શેરધારકોએ પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ કામગીરી કાળજીપૂર્વક વાંચી લેવી અને ત્યારબાદ રિમોટ ઈ-વોટીંગ કરવા વિનંતી. ઈ-વોટીંગને લગતી કોઈપણ મુશ્કેલી જણાય તો કંપની સેક્રેટરીને Companysecretary_wel@welspun.com ઉપર સંપર્ક સાધવો.

વેલસ્પન એન્ટરપ્રાઈસીઝ લિમિટેડ
સહી/-
નિધિ તન્ના
કંપની સેક્રેટરી
આઈસીએસઆઈ-મેમ્બરશિપ નં. એસીએસ ૩૦૪૬૫

મુંબઈ, નવેમ્બર ૦૬, ૨૦૨૬

## મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

### : જાહેર નોટિસ :

આથી મુન્દ્રા બારોઇ નગરપાલિકા શહેર વિસ્તારની જનતાને જાહેર કરવામાં આવે છે કે ભારત સરકારના વન